## કૃમિનાશક દવા આપવાના ફાયદા

- બચ્ચામાં મરણ નું પ્રમાણ ઘટાડી શકાય છે.
- પશુઓને કૃમિના રોગો સાથે રક્ષણ આપી શકાય છે.
- જાનવર તંદુરસ્ત બને છે અને શારિરીક વિકાસ સારો થાય છે.
- બચ્ચાની રોગપ્રતિકારક શક્તિ માં વધારો થાય છે જેથી રોગો સામે રક્ષણ મળે છે.
- પાડી-વાછરડી નિયમિત વેતરે આવે જેથી વહેલી બંધાય છે.
- પશુઓ પાછા ફરવા (રીપીટ થવા)ની શક્યતા ઘટે છે.
- દુધ ઉત્પાદનમાં ૧૦% થી ૧૫%નો વધારો મેળવી શકાય છે.
- રસીકરણ અને વાંઝીયાપણા ની સારવાર વધુ અસરકારક બને છે.
- પશુઓમાં થતા અપચા ના રોગો માં ઘણો ઘટાડો કરી શકાય છે.



## કૃમિ નો ઉપદ્રવ ઓછો કરવાના ઉપાયો :

- ઉકરડો જાનવર ની જગ્યા થી ઓછા માં ઓછો ૬૦ ફુટ દુર હોવો જોઈએ
- ગમાણ જરૂર બનાવો જેથી ગોબર અને ચારો એકબીજા ના સંપર્ક માં ન આવે.


KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः


-: પ્રકાશક :-

વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦


# પશુઓમાં પરોપજીવી નિયંત્રણ

**પશુપાલનમાં પશુ ઉત્પાદન અને સ્વાસ્થ્ય ને હાનિકારક બાહ્ય પરોપજીવીઓનો ઉપદ્રવ અટકાવવાથી પશુપાલન વ્યવસાય ને પોષણક્ષમ બનાવી શકાય છે. સામાન્ય રીતે પશુઓમાં નીચે જણાવેલ બાહ્ય પરોપજીવીઓ જોવા મળે છે.**


(૧) ઈતરડી (૨) જુઆ (૩) બગાઈ
(૪) માંકડ (૫) ચાંચડ (૬) જૂ
(૭) મચ્છર (૮) કરડતી મસી (૯) ઘોડા માંખ
(૧૦) તબેલા માંખ (૧૧) કાળા સાંઢ (બીટલ)
(૧૨) કાળી માખી અથવા ભેંસના ડાંસ
(૧૩) ઘરમાં વસતી માખીઓ



જુઆ



ચાંચડ




ઈતરડી



કાળા સાંઢ



જૂ



મચ્છર

## બાહ્ય પરોપજીવીઓના નિયંત્રણ માટે નીચે પ્રમાણેનું આયોજન કરવું

### કીટનાશક દવાઓનો ઉપયોગ :

- કીટનાશક દવા-ડેલ્ટામેથ્રીન, સાયપરમેથ્રીન, ફલુમેથ્રીન વિગેરે

**નોંધ :** એક પશુ માટે એક લીટર પાણીમાં ૩ મી.લી. દવા નાખી છંટકાવ કરવો.

### સાવચેતી :


- દવાનો છંટકાવ આંખ અને નાક ઉપર કરવો નહિ.
- દવાના છંટકાવ બાદ પશુઓને ખુંટા સાથે એક કલાક સુધી ટુંકા બાંધી દેવા જેથી દવા ચાટે નહિ.
- દવાનો વધુ પડતો ઉપયોગ કરવાથી પશુઓને ચામડીમાં બળતરા થાય છે જેથી ભલામણ મુજબ જ દવાનો ઉપયોગ કરવો.





### અન્ય ઉપાયો :

- પશુ રહેઠાણની આજુબાજુ બિનજરૂરી ઘાસની સફાઈ કરવી.
- પડતર જમીનની ખેડ કરવી.
- ચુના અથવા મીઠાનો ઉપયોગ કરી શકાય.


### કૃમિના પ્રકાર



પર્ણ કૃમિ



ગોળ કૃમિ



પટ્ટી કૃમિ

### પશુને કૃમિ (કરમિયા) પડ્યા ના લક્ષણો :

- પશુની ભુખ મરી જવાથી ખોરાક ઓછો લે છે.
- ખોરાક પુરતો લેતું હોય તો ખોરાક પચ્યા પછી ઉપયોગ માં ન આવતા પશુ દુબળુ બને છે.
- ઘણી વખત ઝાડા થઈ જાય છે, કબજીયાત થાય છે અને દુધ પણ ઘટી જાય છે (૧૦ થી ૨૦ ટકા ઘટાડો)
- શરીર પરના વાળ બરછટ થઈ જાય છે અને ખરે છે.
- વધારે પડતા કૃમિ ને લીધે આફરો પણ રહે છે.
- નાના બચ્ચાઓનો વિકાસ મંદ પડી જાય છે.
- હાથ પગ પાતળા અને પેટ મોટી ગાગર જેવું થઈ જાય છે.
- પશુ જમીન ચાટે છે કે માટી ખાય છે.
- કૃમિ પોતાના વિકાસ માટે ખનીજો નો ઉપયોગ કરતાં હોવાથી પશુમાં તેની ઉણપ સર્જાય છે.